सत्य मेव जयते

## <u>કપડવંજના મહે. એડીશનલ ચીફ જયુડી મેજી. સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ</u>

<u>ફોજદારી કેસ નં.૮૩/૨૦૨૬</u>

આંકઃ-

**શ્રી સરકાર** ..... ફરીયાદી

(પાર્ટ બી ગુ.ર.નં.૦૨૩૮/૨૦૨૫ તા.૧૦/૧૨/૨૦૨૫)

વિરૂદ્ધ

(૧) **મહમદહનીફ અબ્દુલમજીદ શેખ,**
રહે.ગાંચીવાડા કપડવંજ, તા.કપડવંજ, જી.ખેડા.
(૨) **મુસ્તાકઅલી ગુલામનબી સૈયદ,**
રહે.કસ્બા શબનમ બેકરી સામે મુ.તા.કપડવંજ, જી.ખેડા.
(૩) **મહેન્દ્રકુમાર રમણલાલ રાવળ,**
રહે.કપડવંજ, તા.કપડવંજ, જી.ખેડા.
(૪) **ખોડાભાઈ મફતભાઈ શર્મા,**
રહે.ચારણીયા, તા.કપડવંજ, જી.ખેડા.
(૫) **અલ્પેશગીરી ઉર્ફે ગદીયો આશાપુરી ગોસ્વામી,**
રહે.ચારણીયા, તા.કપડવંજ, જી.ખેડા.
(૬) **પંકજકુમાર મગનભાઈ જોષી,**
રહે.કપડવંજ, તા.કપડવંજ, જી.ખેડા. ..... આરોપીઓ

### <u>ગુનો-જુગારધારા કલમ-૧૨ મુજબ</u>

### <u>-- ઠ રા વ --</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ **તા.૧૦/૧૨/૨૦૨૫ ના કલાક ૧૬ઃ૪૫** વાગ્યેના સુમારે બનાવ સમયે અને સ્થળે જાહેરમાં પત્તાપાનાનો રૂપિયાથી હાર-જીતનો જુગાર રમી રમતાં જુગારના સાધનો સાથે અંગઝડતીના મળી કુલ **રૂ.૧૫૯૫૦**/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ ચાર્જશીટ હકીકત મુજબ **જુગારધારા કલમ-૧૨** મુજબનો ગુનો કરેલ હોય તપાસના અંતે તપાસ કરનાર અમલદારે હાલના કામનું આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ છે.

(૨) આજ રોજ લોકઅદાલતમાં સદર કામના આરોપી કોર્ટ રૂબરૂ વકિલશ્રી મારફતે હાજર થતાં તેઓને ગુના અંગે પૃચ્છા કરતાં તેઓ ગુનો કબુલ કરતાં હોવાની હકીકત જણાવે છે જેથી હાલનાં આરોપીનું કોર્ટ રૂબરૂ નિવેદન નોંધવામાં આવતાં તેઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જ્યારે આ કામે આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી દયાની વિનંતી કરી જણાવેલ છે કે, તેઓ બાલબચ્ચાવાળા અને પરીવારના જવાબદાર ઈસમ છે અને ગુનો કબુલ કરતા હોય દયા રાખવા અરજ કરેલ છે. આ કામે આરોપીએ નો–કલેઈમ પુરસીસ આપી જણાવેલ છે કે, સદર કામે મુદ્દામાલ સંબંધી કોઈપણ જાતનો કલેઈમ કરવાં માગતાં નથી.

(૩) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા હાલના કામના આરોપી પોતાનો ગુનો સ્વૈચ્છિક અને કોઈપણ જાતના દબાણ સિવાય કબુલ રાખતાં હોય અને તેઓની સામેના ગુનાનો અહેસાસ કરેલ હોય આરોપીની ઉમર સંજોગો ધ્યાને લેવામાં આવે તો આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ ફરવામાં આવે છે.

**॥– હુકમ –॥**

આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે જુગારધારા કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, **પ્રત્યેક આરોપીને રૂ.૧૦૦/–(અંકે રૂપિયા એક સો પુરા)** એમ કુલ–૦૬ **આરોપીઓને કુલ રૂ.૬૦૦/– (અંકે રૂપિયા છસો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવી અને અન્ય મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ રોજ તારીખ–૧૪, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

**કપડવંજ**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(માયાદેવી આર. શુકલા)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., કપડવંજ**
**(જીજે.૦૦૬૮૧)**